**બેટરી સંચાલિત ત્રિ–ચક્રી વાહન (ઇ–રિક્ષા)**
**માટે નવી સબસીડી (સહાય)ની યોજના.**

# ગુજરાત સરકાર

કલાઈમેટ ચેન્જ વિભાગ

**ઠરાવ ક્રમાંક: બીજેટી/૧૦/૨૦૧૮/૨૬૩૭૩/બ**

સચિવાલય,ગાંધીનગર.

**તા.૩૦/૦૯/૨૦૨૦**

**વંચાણે લીધાઃ–**

(૧) સામાન્ય વહીવટ વિભાગનું ગેઝેટ નં.G/GNR/2,તા.૧૭/૯/૨૦૦૯

(૨) આ વિભાગની યાદી ક્રમાંકઃબીજેટી/૧૦૨૦૧૮/૨૬૩૭૩/બ,તા.૨૯/૦૫/૨૦૧૮

(૩) આ વિભાગની સુધારા યાદી ક્રમાંકઃબીજેટી/૧૦૨૦૧૮/૨૬૩૭૩/બ,તા.૦૩/૧૦/૨૦૧૮

**પ્રસ્તાવનાઃ–**

રાજયમાં કલાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવાં વંચાણે લીધેલ ક્રમાંક(૧) ના ગેઝેટ અનુસાર આ વિભાગ કાર્યરત છે. આ વિભાગ દ્વારા કલાઈમેટ ચેન્જ શમન (Mitigation) અને કલાઈમેટ ચેન્જ અનુકૂલન (Adaptation) અંગેની વિવિધ પ્રવૃત્તીઓ હાથ ધરવામાં આવે છે.

આ વિભાગ દ્વારા શહેરોમાં હવાનું પ્રદુષણ ઘટે તથા બેટરી સંચાલિત વાહનો લોકોના ઉપયોગમાં પ્રચલિત થાય તે હેતુથી વર્ષ૨૦૧૮–૧૯ થી ઉકત વંચાણે લીધેલ ક્રમાં(૨) ની આ વિભાગની યાદીથી રાજયના મુખ્ય શહેરો અમદાવાદ, વડોદરા, સુરત,રાજકોટ અને ગાંધીનગર ખાતે બેટરી સંચાલિત ત્રિ–ચક્રી વાહન(ઇ–રિક્ષા)માટે રૂ.૨૦,૦૦૦ ની સહાય આપવાની યોજના અમલમાં હતી.વંચાણે લીધેલ ક્રમાંક (૩) ની આ વિભાગની સુધારા યાદીથી લેડ એસીડ(Lead Acid)બેટરી વાળાત્રિ–ચક્રી વાહનોમાટે રૂ.૩૦,૦૦૦ અને લિથિયમ આયન(Lithium Ion)બેટરી માટે રૂ.૪૦,૦૦૦ સહાય સમગ્ર ગુજરાતમાં વ્યકિતગત લાભાર્થીઓ ઉપરાંત સંસ્થાકીય લાભાર્થીઓનો સમાવેશ કરીને સહાય આપવાની યોજના અમલમાં હતી.

આ યોજના અંતર્ગત પ્રથમ લેડએસીડ(Lead Acid) બેટરી દ્વારા સંચાલિત બેટરી ઓપરેટેડ ત્રિ–ચક્રી વાહનોમાટે સહાય આપવામાં આવતી હતી.લેડએસીડ(Lead Acid) બેટરીના સ્થાને લિથિયમ આયન(Lithium Ion) બેટરીના ઉપયોગ અંગે અને તે માટે અગાઉ નિયત કરેલ રૂ. ૪૦,૦૦૦ પ્રતિ વાહનની નાણાંકીય સહાયમાં વધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:–**

રાજ્યમાં કલાઈમેટ ચેન્જ શમન(Mitigation)ની પ્રવૃત્તી અંતર્ગત કાર્બન ફૂટપ્રિન્ટ (Carbon Footprint) ઘટાડવાના હેતુથીબેટરી સંચાલિત ત્રિ–ચક્રી વાહનોમાટે સબસીડી (સહાય)ની યોજના અંતર્ગત સમગ્ર ગુજરાતમાં ૫,૦૦૦ વ્યકિતગત તથા સંસ્થાકીય લાભાર્થીઓનો સમાવેશ કરીનેલિથિયમ આયન(Lithium Ion)બેટરી સંચાલિત ત્રિ–ચક્રી વાહનોખરીદવા માટે રૂ.૪૮,૦૦૦ પ્રતિ વાહન માટે સબસીડી(સહાય) વર્ષ૨૦૨૦–૨૧ થી આપવાનુંઆથી પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે.

આ યોજનાનું સમગ્ર રાજ્યમાં અમલીકરણ વિભાગ હેઠળની ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જેડા) દ્વારા કરવામાં આવશે. સદર યોજનાની વર્ષ૨૦૨૦–૨૧ માં અમલવારી કરવા માટે નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૮. આ યોજના હેઠળના લાભાર્થીઓનો આધાર સીડીંગ આવશ્યક હોય તો તે મુજબ પણ કાર્યવાહી કરવાની રહેશે તથા યોજના અન્વયે લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા આપવાની થતી સબસીડીના રૂ. ૪૮૦૦૦ લાભાર્થીઓના બેંક ખાતામાં Direct Benefit Transfer (DBT) થી સીધા જમા કરાવવાના રહેશે.

૯. આ યોજનાનો લાભ વ્યકિતગત તથા સંસ્થાકીય લાભાર્થીઓ લઈ શકશે. વ્યકિતગત લાભાર્થીઓની પસંદગીમાં રીક્ષા ચાલકો,મહિલા સાહસીકો,દિવ્યાંગો, યુવા સ્ટાર્ટઅપ સાહસીકો,શિક્ષિત બેરોજગારને અગ્રીમતા આપવાની રહેશે તથા સંસ્થાકીય લાભાર્થીઓમાં સહકારી મંડળીઓ, યાત્રાધામો,નફો ન કરતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓને અગ્રીમતા આપવાની રહેશે.

૧૦. જેડા દ્વારા જાહેરાત આપીને ત્રિ-ચક્રી વાહનોનાઉત્પાદકો પાસેથી ઓફર મેળવી તેના ટેક્નીકલ પાસાની ચકાસણીના આધારે જેડાએ ઉત્પાદકોને માન્યતા આપી તેનું લીસ્ટ તૈયાર કરવાનું રહેશે.સદર ઉત્પાદકોએ કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ (Central Motor Vehicle Rules, 1989)ના નિયમ ૧૨૬ હેઠળમાન્યતા પ્રાપ્ત સંસ્થાઓ પાસેથી વાહનોનું ટાઇપ એપ્રુવલ પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાનું રહેશે. સદર યોજના અન્વયે રજીસ્ટર્ડ થયેલા ઉત્પાદકોએ સદરહું નિયમોતથા તેના અંતર્ગતના વખતોવખતના સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. આ યોજનાનો લાભ મેળવવા માટેની અરજીઓ નિયત સંખ્યા કરતા વધારે મળે તો તેવા કિસ્સામાં વ્યક્તિગત લાભાર્થી તરીકેની પસંદગીમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ, દિવ્યાંગ, સામાજીક આર્થિક મોજણી અંતર્ગત જાહેર કરેલ અતી ગરીબ અને ગરીબ કુટુંબોનાસભ્યો અને બિન અનામત વર્ગના આર્થિક રીતે પછાત લાભાર્થીઓને નિયમ અનુસાર પસંદગીમાં અગ્રતા આપવાની રહેશે.

૧૨. આ યોજના અંતર્ગતના લાભાર્થી પાસે કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ તથા તે અંતર્ગતના વખતોવખતના સુધારાઓ હેઠળનું બેટરી સંચાલિત ત્રિ-ચક્રી વાહન ચલાવવા માટેનું જરૂરી ડ્રાયવિંગ લાઈસન્સ હોવું આવશ્યક છે.

૧૩. આ વાહનોના મોડેલો તથા કિંમત Expression of Interest (EoI) થી નક્કી કરવાના રહે છે. EoI સમયે વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરીના પ્રતિનિધિને હાજર રાખવાના રહેશે. માન્ય ઉત્પાદકોના મંજુર કરાયેલ ત્રિ-ચક્રી વાહનોના મોડલ તથા તેની કિંમત વેબસાઇટ પર જાહેર કરવાની રહેશે. અમલીકરણ એજન્સીએ ઓફલાઇન ઉપરાંત ઓનલાઇન અરજીઓ મેળવવા અંગે જરૂરી પોર્ટલ વિકસાવી પ્રોત્સાહન આપવાનું રહેશે.

૧૪. માન્ય ઉત્પાદકો દ્વારા ભારત સરકાર તરફથી મળનાર સબસીડીની રકમ બાદ કરીને આવા વાહનોનું વેચાણ સીધુ જ આ યોજનાના લાભાર્થીઓને કરવાનું રહેશે. આ અંગેના જરૂરી ડોક્યુમેન્ટ્સની અમલીકરણ એજન્સીએ ચકાસણી કરવાની રહેશે તેમજજરૂરી દસ્તાવેજો નિભાવવાના રહેશે.

૧૫. વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઈ પણ સંજોગોમાં વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તે અંગેની સંપુર્ણ જવાબદારી અમલીકરણ એજન્સીની રહેશે.

૧૬. આ યોજના અંગે ઇલેક્ટ્રોનીક અને પ્રિન્ટ મિડીયા મારફતજાહેરાત આપવાની રહેશે. અને નિયત સમય મર્યાદામાં લાભાર્થીઓએઅરજી કરવાની રહેશે.

૧૭. અમલીકરણ એજન્સીએદર ત્રણ મહિને આ યોજનાની ભૌતિક તથા નાણાંકીય પ્રગતિનો અહેવાલ તથા આંકડાકીય માહિતી આ વિભાગને આપવાની રહેશે.

૧૮. અમલીકરણ એજન્સીએ પોતાના અનુભવ આધારિત સૂચનો ઉપરાંત લાભાર્થીઓ પાસેથી યોજના અંગેના પ્રતિભાવો મેળવી ચાલુ નાણાંકીય વર્ષના અંતે આ વિભાગને રજુ કરવાના રહેશે.

૧૯. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના આ અંગેના વખતો વખત ના ઠરાવો અને સૂચનો ધ્યાને લેવાના રહેશે.

૨૦. આ યોજનાનો અમલ સમગ્ર ગુજરાત રાજયમાં કરવાનો રહેશે.

૨૧. આ ઠરાવની શરતો અને બોલીઓનું આખરી અર્થઘટન આ વિભાગનું માન્ય ગણાશે.ઉપરોક્ત યોજનાની અમલવારી કરતી વખતે કોઇ મુશ્કેલી ઉપસ્થિત થાય તો આ વિભાગનું માર્ગદર્શન મેળવી લેવાનું રહેશે.

આ યોજનાનો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ ના અંદાજપત્રમાં માગણી ક્રમાંક-૧૦૮, મુખ્ય સદર-૨૮૧૦, ગૌણ સદર-૮૦૦-અન્ય ખર્ચ ૦૧, સીએલસી-૦૫, રીન્યુએબલ ઊર્જા માટે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સીને સહાય, વિભાગ-૧ ચાલુ બાબત તરીકે કરવામાં આવેલ બજેટ જોગવાઈમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૪/૦૯/૨૦૨૦ ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજેશ પટેલ)
નાયબ સચિવ
કલાઈમેટ ચેન્જ વિભાગ
**ગુજરાત સરકાર**

પ્રતિ,

**નિયામકશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર. જરૂરી કાર્યવાહી માટે.**

**નકલ સવિનય રવાના:**

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર
- માન. મંત્રીશ્રી (ઊર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહારવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- નાણાં સલાહકારશ્રી, કલાઈમેટ ચેન્જ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સચિવાલયના તમામ વિભાગો
- મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- નાયબ વિદ્યુત નિરીક્ષકશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- હિસાબી અધિકારીશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ (સે.અ.શ્રી/ના.સે.અ.શ્રી)
- સિસ્ટમ એનાલીસ્ટ,કલાઈમેટ ચેન્જ વિભાગ,સચિવાલય, ગાંધીનગર–વિભાગની વેબસાઇટ ઉપર ઠરાવ અપલોડ કરવા સારૂ.